/ ૫

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રી/પુરૂષો માટે અમદાવાદ, ગાંધીનગર (ડભોડા મહિલાઓ માટે ), રાજકોટ, ભુજ, સુરત, જામનગર ( મહિલાઓ માટે ) અને વડોદરા ખાતે ૫૦ની ટોચ મર્યાદાવાળા પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા માટે રૂ.૩૫૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૩૬/નબા/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૧૦/૨૦૧૯

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા. ૧૬/૦૫/૨૦૧૯ના પત્ર ક્રમાંક: સસુખા/યજન/બકમ/૨૦૧૯-૨૦/૧૩૫

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા. ૨૯/૦૭/૨૦૧૯ના પત્ર ક્રમાંક: સસુખા/યજન/નવી બાબત/૨૦૧૯-૨૦/૩૧૨

**પ્રસ્તાવના:-**

નિયામક સમાજ સુરક્ષા ખાતાના નબળા વર્ગો જેવા કે, વિકલાંગો, નિરાધાર, અશક્ત વૃધ્ધો, નિરાધાર, ત્યજીદેવાયેલ, સાર સંભાળ અને રક્ષણની જરૂરિયાતવાળા તથા કાયદા સાથે સંઘર્ષમાં અને સંપર્કમાં આવેલા બાળકો વગેરેના આશ્રય, રક્ષણ, શિક્ષણ, તાલીમ અને પુન:સ્થાપનની કામગીરીના વિવિધ કાયદાઓ અન્વયે, રાજય સરકાર અને કેન્દ્ર સરકારની યોજનાઓ તથા સંસ્થાકીય તેમજ બિન સંસ્થાકિય સેવાઓ દ્વારા આર્થિક સહાય અને હુંફ પૂરા પાડવાની કામગીરી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પ્રશ્નોવાળી કુંવારી માતા બનેલ મહિલા સાથે પ્રવેશ પામતાં ૦ થી ૬ વર્ષની વયના બાળકો અનાથ, ત્યજાયેલ, ખોવાયેલ, ઘરેથી નાસી ગયેલ, દુરાચારીનો ભોગ બનેલ, એઇડસથી પીડિત કુદરતી/માનવસર્જીત આફતનો ભોગ બનેલ ભિક્ષાવૃત્તિ કરતાં તેમજ ફોજદારી ધારા હેઠળ કાયદાના સંઘર્ષમાં આવતા ૦ થી ૧૮ વર્ષની વયના આવા

બાળકોને આર્થિક અને શારારિક તથા શૈક્ષણિક હુંફ પુરી પાડી સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવાની કામગીરી કરે છે.

નામ. સુપ્રિમ કોર્ટમાં માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા વ્યક્તિઓ માટે Contempt Petition No - 1653/2018 તથા રીટ પીટીશન (સીવીલ) નંબર ૪૧૨/૧૬ પરત્વે નામ. સુપ્રિમ કોર્ટના મળેલ ડાયરેકશન મુજબ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા એફીડેવીટમાં રજૂ કરેલ માર્ગદર્શિકા મુજબ રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર ( ડભોડા મહિલાઓ માટે ), રાજકોટ, ભુજ, સુરત, જામનગર(મહિલાઓ માટે), વડોદરામાં આવા પ્રકારની વ્યક્તિઓ માટે નવા ગૃહો શરૂ કરવાની બાબતે આ નવી બાબત ૨૦૧૯-૨૦ રજૂ કરવામાં આવી છે.

નવીન ૭ જિલ્લાઓમાં માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા વ્યક્તિઓ માટે રહેણાંકિય વ્યવસ્થા જિલ્લાની સ્થાનિક સંસ્થાઓમાં ઉપલબ્ધ નથી. જેથી અમદાવાદ, ગાંધીનગર (ડભોડા મહિલાઓ માટે), રાજકોટ, સુરત, વડોદરા ખાતેના ભિક્ષુક ગૃહ/ભિક્ષુક સ્વિકાર કેન્દ્રોની ખુલ્લી જગ્યામાં આ પુન:સ્થાપન ગૃહો ઉભા કરવા જરૂરી છે તેમજ જામનગર(મહિલાઓ માટે) અને ભુજ ખાતેના ઓબ્ઝર્વેશન/ચિલ્ડ્રન હોમ ખાતેની ખુલ્લી જગ્યાઓમાં આ પુન:સ્થાપન ગૃહો ઉભા કરવા જરૂરી છે આ પુન:સ્થાપન ગૃહો ઉભા કરવા માટે એક પુન:સ્થાપન ગૃહના મકાન બાંધકામ માટે અંદાજે રૂ.૫૦.૦૦ લાખની ગણતરી કરવામાં આવે તો ૭ જિલ્લાઓમાં માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા વ્યક્તિઓ માટે રહેણાંકિય વ્યવસ્થા ઉભી કરવા માટે રૂ.૩૫૦.૦૦ લાખની ટોકન જોગવાઇ કરવાની થાય છે.

તદ્અન્વયે નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૧૬/૦૫/૨૦૧૯ના પત્રથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રી/પુરુષો માટે અમદાવાદ, ગાંધીનગર ( ડભોડા મહિલાઓ માટે ) રાજકોટ, ભુજ, સુરત, જામનગર ( મહિલાઓ માટે ) અને વડોદરા ખાતે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા બાબતે ટોકન જોગવાઇ કરવા નવી બાબત ૨૦૧૯-૨૦ રજૂ કરવામાં આવી હતી.

સદરહુ નવી બાબત ૨૦૧૯-૨૦ મંજુર થતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા. ૨૯/૦૭/૨૦૧૯ના પત્રથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રી/પુરુષો માટે અમદાવાદ ગાંધીનગર ( ડભોડા મહિલાઓ માટે ) રાજકોટ, ભુજ, સુરત, જામનગર ( મહિલાઓ માટે ) અને વડોદરા ખાતે પુન:સ્થાપન ગૃહોના બાંધકામ માટે રૂ.૩૫૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની [illegible]

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલા સ્ત્રી/પુરુષો માટે અમદાવાદ ગાંધીનગર ( ડભોડા મહિલાઓ માટે ) રાજકોટ, ભુજ, સુરત, જામનગર ( મહિલાઓ માટે ) અને વડોદરા ખાતે પુન:બાંધકામ શરૂ કરવા સદરહુ બાબતે મંજૂર થયેલ નવી બાબત ૨૦૧૯-૨૦ અન્વયે સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ ખાતે માર્ગ અને મકાન વિભાગની બજેટ બુક નં.૨૨(પાર્ટ-૧), પાના નં.૪૦૮ ઉપર થયેલ જોગવાઇને ધ્યાને લઇ S.O.R. આધારિત વિગતવાર અંદાજીત રકમના બ્લોક એસ્ટીમેન્ટ તથા નકશા અંદાજો માર્ગ અને મકાન વિભાગ મારફત પ્રમાણિત કરાવી, વિભાગ કક્ષાએ મંજુર કરાવી નાણા વિભાગની મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કાર્યવાહી ચાલુ કરવાની શરતે તેમજ નીચેની શરતોને અધિન રૂ.૩૫૦.૦૦ લાખનો ખર્ચ કરવાની આથી વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૩) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે, ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:- એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધિન ચાલુ તથા આગામી નાણાંકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.

**માંગણી નંબર-૮૪**

**સેકટર-ખ સામાજિક સમુહ સેવાઓના મુડી હિસાબ**

**પેટા સેકટર-જ સમાજ કલ્યાણ અને પોષણ**

**૪૨૩૫ સામાજિક સુરક્ષા અને કલ્યાણ અંગે મુડી ખર્ચ જોગવાઇ**

**૦૧- પુન સ્થાપન**

**૨૦૧- અન્ય પુન સ્થાપન**

**૪૨- મકાનો (૪૨૩૫-૦૧-૨૦૧-૪૨)**

**૫૩૦૦ મોટા કામ**

ઉપરોકત શરતોને અધિન S.O.R. આધારિત વિગતવાર અંદાજીત રકમના બ્લોક એસ્ટીમેન્ટ તથા નકશા અંદાજો માર્ગ અને મકાન વિભાગ મારફત પ્રમાણિત કરાવી નાણા વિભાગની મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કાર્યવાહી ચાલુ કરવાની શરતે આ વહિવટી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૫/૧૦/૨૦૧૯ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી. સી. પટેલ )

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ